ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

DST Department of Science & Technology Government of Gujarat

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**ખગોળ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજીના પ્રચાર-પ્રસાર હેતુ**
**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી.**

Date : 13th October, 2020

પ્રતિ,
તંત્રી શ્રી,
.................................................................................,
ભાવનગર.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર ભાવનગરના YouTube માધ્યમથી
'ખોરાક, પોષણ સુરક્ષા અને સ્વાયત સ્વદેશી વન ખોરાક' વિષય પર તજજ્ઞ વૈજ્ઞાનિક શ્રી લીના ગુપ્તા દ્વારા

## લાઇવ વેબિનાર

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા રાજ્યભરમાં લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં ગણિત, વિજ્ઞાન, ટેકનોલોજી અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

સમય સાથે તાલમેલ મિલાવવા દરેક સજીવોને પરિવર્તનશીલ બનવું પડે છે. એ પછી પહેરવેશની બાબત હોય કે ખાણીપીણી કે પછી રહેણીકહેણી. દરેક બાબતમાં સમય સાથે તાલ મિલાવવામાં જે ચુકી જાય છે એમનો વિનાશ થાય છે અને જે યોગ્ય રીતે તાલ નથી મિલાવી શકતા અમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી વિશ્વભરમાં અમુક ખાસ દિવસોએ ઉજવણી કરી સમગ્ર વિશ્વને એક શાંતિ પૂર્ણ સંદેશ પહોચાડીને લોકોનું એ બાબત તરફ ધ્યાન દોરીને પ્રેરિત કરવામાં આવે છે. ૧૬ ઓકટોબરના રોજ 'વિશ્વ અન્ન દિવસ'ની ઉજવણી વિવિધ થીમ દ્વારા કરવામાં આવે છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વિવિધ દિવસોની ઉજવણી વિવિધ માધ્યમથી કરીને લોકો સુધી પહોચવામાં સતત કાર્યશીલ રહ્યું છે. પરંતુ હાલના કોરોના મહામારી સમયમાં વર્ચુઅલ માધ્યમ થકી ૧૬ ઓકટોબર,૨૦૨૦નાં રોજ વિશ્વ અન્ન દિવસ નિમિતે 'ખોરાક, પોષણ સુરક્ષા અને સ્વાયત સ્વદેશી વન ખોરાક' વિષય પર તજજ્ઞ વૈજ્ઞાનિક શ્રી લીના ગુપ્તા દ્વારા **KRCSC Bhavnagar** ની **YouTube** ચેનલ પર લાઇવ કરવામાં આવનાર છે. સમય સાથે ભોજનમાં પણ ફેરફાર કરવા જરૂરી છે. યોગ્ય ભોજનનું સેવન કરવામાં આવે તો ઈમ્યુનીટી સુધારીને કોરોના વાઇરસણે માત આપી શકાય છે. તથા હાલના સમયમાં કિચન ગાર્ડન અને રસોડામાં વપરાતી વિવિધ વસ્તુઓ દ્વારા ઘણી બધી શારીરિક અને માનસિક બીમારીઓનો ઈલાજ થઈ શકે છે. કિચન પણ એક પ્રયોગ શાળા તરીકે જીવનમાં ઉદ્ભવતા દરેક પ્રશ્નોના હલ કરવા સક્ષમ છે.

રસ ધરાવતા દરેક લોકોને કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના ચેરમેન શ્રી ડો. ભાવેશ ભરાડ દ્વારા આ વેબીનારમાં જોડવા હાર્દિક નિમંત્રણ આપવામાં આવે છે.

વધુ માહિતી માટે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર ફોન : 8866570111 પર સંપર્ક કરી શકાશે.

13/10/2020
5:20 pm

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.